**આંક–૧૧**

**શ્રી વી.એચ.પટેલ, પ્રમુખ અધિકારીશ્રી, મજુર અદાલત, અમદાવાદ સમક્ષ.**

રેફરન્સ (ટી) નં.૩૭૮/૨૦૧૫

પ્રથમ પક્ષકાર : ૧) બ્રીન્સ આર્યા,
હે.અષ્ટમંગલ ફલેટ, ઘરણીઘર ચાર રસ્તા,
ઘરણીઘર બ્રીજ પાસે, અમદાવાદ.

૨) રેપીડ સિકયુરીટી સર્વિસ,
હે. ગોપાલ પેલેસ, બી.બ્લોક, ૬ માળ,
નહેરુનગર, અમદાવાદ.

**વિરુઘ્ઘ,**

બીજા પક્ષકાર : ઝેવિયર માઈકલ ફ્રાન્સીસભાઈ,
હે.સી.ટી.એમ., અમદાવદા.
૮/૦.સહકાર કામદાર યુનિયન,
હે.અજીત મીલ સામે, રખીયાલ રોડ, અમદાવાદ.

પ્રથમ પક્ષકાર તરફે :–ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે :– શ્રી એસ.કે.કાઝી.

બાબત:–આઈ.ડી.એકટની કલમ ૧૦(૧)(સી) અન્વયે ન્યાય નિર્ણય થવા સારૂં

**<u>–:: એ વો ર્ડ ::–</u>**

**૧.** સદર કામના બીજા પક્ષકારે આ કામના પ્રથમ પક્ષકાર સામે નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કર્યા અંગે મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદને તા.૨૯/૧૨/૧૪ ના ફરીયાદ કરેલ. ત્યારબાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદના તા.૬–૪–૧૫ ના હુકમ ક્રમાંક : આઈ.ડી.આર./૧૪૩/૨૦૧૫ થી બીજા પક્ષકારને ઔદ્યોગીક વિવાદ ઘારાની સુઘારેલ જોગવાઈ મુજબ ફરીયાદમાં સમાઘાન શકય બનેલ ન હોય મજુર અદાલત, અમદાવાદને રેફરન્સ સીઘા કરી શકો છો તેમ જણાવી ફરીયાદ ફાઈલ કરતા અરજદારે હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

**૨.** આ કામે બીજા પક્ષકાર (કે જેને હવે પછી 'અરજદાર' તરીકે સંબોઘેલ છે)

તરફે માંગણાનું નિવેદન આંક–૧ થી રજુ કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારે પ્રથમ પક્ષકાર (કે જેને હવે પછી 'સામાવાળા' તરીકે સંબોધેલ છે) સંસ્થામાં માસિક રૂા.૮,૦૦૦/– ના પગારથી કારીગર તરીકે ૧ વર્ષથી કામ કરેલ. તેઓએ નોકરી દરમ્યાન કોઈ ગુનો કે ગેરવર્તણુંક કરેલ નથી, અરજદાર કાયમી કામદાર હતાં. અરજદારને સંસ્થા તરફથી દર્શાવેલ પગાર સિવાય બીજા કોઈ હકક લાભ આપતા ન હતાં. જેથી અરજદારે બાકી પગાર તથા કાયદેસરના હકકોની માંગણી કરતાં સામાવાળાએ તેઓને કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે બેકારી વળતર તેમજ અન્ય કાયદેસરના હકકોની વળતર ચુકવ્યા વગર તા.૨૨/૯/૧૪ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ. આમ અરજદારને કોઈપણ જાતની ખાતાકીય તપાસ કે બચાવની તક આપ્યા વગર તેમજ કાયદેસરની વીધી કર્યા મુજબ એકમાત્ર મૌખિક હુકમથી કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ. અરજદારે છુટા કર્યા બાદ સામાવાળાને ડીમાન્ડ નોટીસ મોકલાવેલ, જે તેઓને મળવા છતાં પુન:સ્થાપિત ન કરતાં અરજદારે મદદનીશ મજુર કમીશ્નર સમક્ષ પુન:સ્થાપિતની ફરીયાદ લખાવેલ. સામાવાળાએ અરજદારને કામે ન રાખતા આ રેફરન્સ ન્યાય નિર્ણય માટે અત્રે સુપ્રદ કરવામાં આવેલ છે. અરજદારે છુટા થયા બાદ નોકરી મેળવવા બીજે ઘણા પ્રયત્નો કરેલ, પરંતુ નોકરી મળેલ ન હોઈ હાલ બેકાર છે. સામાવાળા કામે રાખે તો જવા તૈયાર છે.જેથી સામાવાળએ અરજદારને કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલ છે તેવું ઠરાવી પડેલા દિવસોના પુરા પગાર સહીત તથા આનુસાંગીક લાભો સહીત તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુન:સ્થાપિત કરવા તથા રેફરન્સનું ખર્ચ અપાવવા દાદ માંગેલ છે.

૩. સામાવાળા સંસ્થાના મેનેજરે આંક–૩ ની નોટીસ બેલીફ દ્વારા બજાવવામાં આવેલ છે, તેમ છતાં સામાવાળાએ જવાબ રજુ કરેલ ન હોવાથી અરજદારની

આંક–૪ ની અરજી નીચે તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૪.** અરજદાર તરફે આંક–૫ થી સોગંદ ઉપર મૌખિક પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે, જેની સામાવાળા તરફે ઉલટતપાસ કરવામાં નહી આવતા સામાવાળાનો અરજદારની ઉલટ તપાસ કરવાનો હકક આંક–૬ ની અરજી ઉપર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. અરજદારની આંક–૮ ની અરજી નીચે હુકમ કરી સંસ્થાનો પુરાવાઓ હકક બંધ કરવામાં આવેલ છે.

**૫.** અરજદાર તરફે તેમના પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળી, સામાવાળા તરફે કોઈ હાજર ન હોઈ અરજદારની આંક–૯ ની અરજી નીચે તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૬.** ઉપરોકત હકીકતે આ કામના ન્યાય નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>** :–

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તા.૨૨–૯–૧૪ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે.

(૨) શું અરજદાર પડેલા દિવસોના પગાર તથા આનુસાંગીક લાભો સાથે મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>નિર્ણયો</u>** :–

(૧) હકારમાં,

(૨) અંશત: હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ

## -:: કા ર ણો ::-

**૮. મુદ્દા નં.૧ અને ૨:-**

ઉપરોકત બંને મુદાઓની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોઈ બંનેની સાથે ચર્ચા કરવામાં આવે છે. કેસનુ રેકર્ડ વંચાણે લેતાં અરજદારે ઉપરોકત પેરા-૨ ની વિગતે સામાવાળામાં ૧ વર્ષ ઉપરાંતથી ફરજો બજાવતા હતા અને નોકરી દરમ્યાન કોઈ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ નથી કે કોઈ ગુન્હો કરેલ નથી, અરજદારને કોઈપણ જાતની નોટીસ કે નોટીસના બદલામાં પગાર આપ્યા વગર અને અરજદારના કોઈપણ જાતના વાંક ગુના વગર અને બચાવની તક આપ્યા સિવાય તથા કાયદેસરના હકકો અધિકારોનું વળતર ચુકવ્યા વગર માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ તેમ જણાવે છે. સામાવાળા તરફે અરજદારના માંગણાનાં નિવેદનના વિરુધ્ધમાં કોઈ જવાબ રજુ કરેલ નથી. અરજદારે આંક-૫ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે, જેમાં માંગણાનાં નિવેદનની હકીકતોને સમર્થન કરેલ છે. અરજદારે સોગંદ ઉપર રજુ કરેલ મૌખિક પુરાવાને સામાવાળાએ પડકારેલ ન હોય અરજદારે સોગંદ ઉપર જાહેર કરેલ હકીકતો ન માનવાને કોઈ કારણ નથી. આ કામે સામાવાળાના પુરાવાના તબકકે સામાવાળા તરફે વિરુધ્ધનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી અરજદારે તેના માંગણાનાં નિવેદનમાં જણાવેલ વિગતે તેઓ સામાવાળામાં ફરજ બજાવતાનું તથા સામાવાળાએ તેઓને મૌખિક હુકમથી છુટા કરેલાનું તથા છુટા કરતાં પહેલાં નોટીસ, નોટીસ પગાર કે બેકારી વળતર ન ચુકવેલ હોવાનું, અને તે રીતે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ), નો ભંગ કરેલાનું તારણ થાય છે. જેથી અરજદાર સળંગ નોકરીથી તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર હોવાનું જણાય આવે છે.

હાલના કામે અરજદારને પુન:સ્થાપન કરવાના નિર્ણય ઉપર આવેલો હોઈ ત્યારે બેકવેજીસ અંગે નકકી કરવાનું રહે છે. જે અંગે જોવામાં આવે તો, આ

હકીકત સાબિત કરવાની જવાબદારી અરજદાર ઉપર છે. હાલના કામે અરજદારે તેઓના આંક–૧ ના નિવેદનમાં નોકરીમાંથી છૂટા કર્યા બાદ બીજી જગ્યાએ નોકરી કર્યાના પ્રયત્નો કર્યાનું જણાવેલ છે, અને તેઓને કોઈ નોકરી મળી નથી તેમ જણાવેલ છે તથા બેકાર હોવાનું જણાવે છે. જો કે, તેઓએ કઈ જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ? લેખિતમાં કોઈ પ્રયત્ન કરેલ છે કે કેમ? તેવી કોઈ હકીકત તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. વળી, કોઈ વ્યકિત નોકરી મેળવવા પ્રયત્ન જ ન કરે અને બેકાર બેસી રહે, તે હકીકત માની શકાય નહિ. વળી એક વર્ષ બાદ ફરીયાદ કરેલ છે. જેથી આ અંગેના જુદા જુદા ચુકાદાઓના સિધ્ધાંતો ધ્યાને લેતા તેઓને ૪૦% બેકવેજીસ સાથે પુન:સ્થાપન કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાય છે. જેથી મુદ્દા નં.૧ અંગે હકારમાં તથા મુદ્દા નં.૨ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

–:: **<u>હુ ક મ</u>** ::–

(૧) અરજદારનો રેફરન્સ (ટી) નં. ૩૭૮/૨૦૧૫ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળી સંસ્થાને એવો હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ સરકાર શ્રી તરફથી પ્રસિધ્ધ થયે દિન–૩૦ માં અરજદાર ઝેવીયર માઈકલ ફ્રાન્સીસભાઈ ને તેમની મુળ જગ્યાએ પડેલ પગારના ૪૦% પગાર તથા સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) રેફરન્સ કેસના સંજોગો જોતાં સામાવાળાએ અરજદારને ખર્ચ પેટે રૂ.૧૦૦૦/– (અંકે રુપિયા એક હજાર પુરા) ચુકવી આપવા.

તારીખ : ૧૫ /૬/૨૦૧૬
સ્થળ : અમદાવાદ.
**CODE : GJ00736**

H.N.PATEL,P.A.

**(વિરલ હેમરાજભાઈ પટેલ)**
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ, અમદાવાદ